## જન્મદિને વધામણી



**સંજયભાઈ સંઘાણી**
આમંત્રિત કારોબારી સભ્ય
શ્રી જલારામ સેવા સમાજ



**નવિનભાઈ પટેલ**
શ્રી જય અંબે પરિવાર

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ફેન
૬.૧૫, ૯.૩૦
**સ્ક્રીન-૨**
ફેન
૧૨.૩૦, ૩.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ફેન
૨.૩૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી હિન્દી)
૧૨.૧૫, ૮.૦૦
જંગલ બૂક (૩ડી અંગ્રેજી)
૫.૪૫
**સ્ક્રીન-૪**
કિ એન્ડ કા
૭.૦૦
ફેન
૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
**સ્ક્રીન-૫**
ફેન
૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૬**
ફેન
૮.૦૦
કિ એન્ડ કા
સવારે ૧૦.૦૦

### લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા

# આમજા ગામે મેડિકલ ચેક-અપ અને નેત્ર નિદાન કેમ્પ





લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા કલોલ તાલુકાના આમજા ગામે પ્રાથમિક શાળા ખાતે મેડીકલ ચેક-અપ અને નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આજુબાજુના ગામ લોકોએ લાભ લીધો હતો. જેમાં ડૉ.કાંતિભાઈ પ્રજાપતિ (લાયન્સ આંખની હોસ્પિટલ - આંગણજ), લાયન ડૉ.એ. આર. પટેલ, લાયન ડૉ. દિલીપભાઈ ત્રિવેદી, ડૉ. સૌરભભાઈ કાપડીયા, ડૉ. કુલદીપભાઈ વાઘેલાએ સેવાઓ આપી હતી. જેમાં કુલ ૪૪૫ જેટલાં દર્દીઓએ લાભ લીધો હતો. દર્દીઓને નિઃશુલ્ક દવાઓ, ૨૩ મોતીયાના સફળ ઓપરેશન, રાહતદરે ૧૧૮ જેટલાં ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ લાયન જયંતિભાઈ પ્રજાપતિ, લા. ઉમંગ પંડ્યા, લા. શૈલેષભાઈ પટેલ, લા. નયન મધુકર, પૂર્વ પ્રમુખ લા. કે. પી. પ્રજાપતિ,લા. નટુભાઈ સોલંકી, લા. રઘુસિંહ ગોલ, લા. ભરતભાઈ પંડ્યા, લા. મૌલિક ચૌધરી, લા. અજય પટેલ, લા. હરિશભાઈ ત્રિવેદી, લા. વિજયભાઈ કંસારા ઉપસ્થિત રહી નોંધનીય સેવા આપી હતી. આજબાજુના ગામ લોકોએ પણ આ કેમ્પનો ઉત્સાહ પૂર્વક લાભ લીધો હતો. જીલ્લા પંચાયત સદસ્ય જયેશભાઈ ચૌધરી, આમજા ગ્રામ પચંયાતના સરપંચશ્રીએ અને ગામના આગેવાનોએ લાયન્સ સંસ્થાનો આભાર માન્યો હતો.

# ફિક્કી લેડીઝ ઓર્ગેનાઈઝેશન, અમદાવાદનાં નવાં ચેરપર્સન રૂપા પટેલ

ગાંધીનગર, તા. ૧૮
ફિક્કી લેડીઝ ઓર્ગેનાઈઝેશન, અમદાવાદનાં નવાં ચેરપર્સન તરીકે રૂપા પટેલે સ્થાન ગ્રહણ કર્યું છે.

અમદાવાદ ખાતો તાજેતરમાં આયોજિત ચેન્જ ઑફ ગાર્ડ સમારંભમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસાંગે અનુરાધા પાલ, તબલા માસ્ટ્રો અને ગુરુજી જી નારાયણ, ઉદ્યોગપતિ અને આધ્યાત્મિક માર્ગદર્શક હસ્તીઓ ઉપસ્થિત રહી હતી.

સામાજિક ઉદ્યોગ સાહસિક રૂપા પટેલ યુવાનો માટે શિક્ષણ ક્ષેત્રે વ્યાપક અનુભવ ધરાવે છે. ઍફઍલઓના નવાં ચેરપર્સન તરીકે તેમની યોજનાઓ ઉજાગર કરતાં તેમણે શિક્ષણ અને તાલીમ મારફત પાયાના સ્તરે બાળકીઓ અને મહિલાઓના સશક્તિકરણ પર ભાર મૂકવાની હિમાયત કરી હતી. આગામી વર્ષ માટે મારો મંત્ર 'ઈચ વન, રીચ વન, ટીચ વન' રહેશે. ઍફઍલઓના મંચ મારફત હું બિનપરંપરાગત નોકરીઓમાં મહિલાઓ માટે ગુણવત્તાપૂર્ણ કાર્યક્રમોની પહેલ શરૂ કરવા અને સ્કીલ ડેવલપમેન્ટ મારફત યુવા મહિલા ઉદ્યોગ સાહસિકોને સહાય કરવા માગુ છું, તેમ રૂપા પટેલે જણાવ્યું હતું.

વર્ષ ૨૦૧૬-૧૭ માટે ઍફઍલઓ, અમદાવાદનાં અન્ય પદાધિકારીઓમાં સિનિયર વાઈસ ચૅરપર્સન તરીકે પાવની બકેરી અગ્રવાલ, વાઈસ ચૅરપર્સન તરીકે શુભા ભંડારી, સચિવ તરીકે બબિતા જૈન, ખજાનચી નંદિતા મુનશો, સંયુક્ત સચિવ તરીકે રચના ગેમાવત, સંયુક્ત ખજાનચી તરીકે શિલ્પા પટેલ, લોજિસ્ટિક હેડ તરીકે કિન્નરી મરડિયા અને લાયેઝન અધિકારી તરીકે અદિતિ જૈનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# પ્રજ્ઞાચક્ષુઓને બાળવિશ્વકોશનો ત્રીજો- ચોથો ભાગ બ્રેઈલ લિપિમાં મળશે

ગાંધીનગર, તા. ૧૮
પ્રજ્ઞાચક્ષુઓ માટે આનંદના સમાચાર પ્રાપ્ત થયા છે, એમને બાળવિશ્વકોષનો ત્રીજો અને ચોથો ભાગ બ્રેઈલ લિપિમાં પ્રાપ્ત થશે એવા સમાચાર મળ્યા છે. ગુજરાત વિશ્વકોશ આ ભાગ પ્રજ્ઞાચક્ષુઓને અર્પણ કરશે.

ગુજરાત વિશ્વકોશની ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ અને ગુજરાતી વિશ્વકોશ તેમજ બાળવિશ્વકોશ દ્વારા ગુજરાતની જ્ઞાનવૃદ્ધિમાં કરેલા પ્રદાન વિશે સૌ કોઈ પરિચિત છે પરંતુ આ જ ગુજરાતી બાળ વિશ્વકોશ પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે બ્રેઈલલિપિમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. બાયલ વિશ્વકોશના બ્રેઈલલિપિમાં બે ગ્રંથો તો પહેલાં જ પ્રકાશિત થઈ ચુક્યા છે, તેમજ પ્રજ્ઞાચક્ષુ બાળકો તેના જ્ઞાનનો લાભ પણ લઈ રહ્યા છે, હવે તેના અન્ય ભાગ ૩ અને ૪ પર પણ કામ ચાલી રહ્યું છે, જે પ્રજ્ઞાચક્ષુ બાળકોને મળતાં બાળકોના જ્ઞાનમાં વધારો થશે, અને તેમની જિજ્ઞાસા વૃત્તિ સંતોષાશે. આ કાર્ય માટે અંધજન મંડળની મદદ લેવામાં આવી રહી છે.

બ્રેઈલ બાળ વિશ્વકોશ સિવાય પણ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ અને યુવાનોનો ઉત્સાહ વધારવા માટે વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. તેના ભાગ રૂપે પ્રજ્ઞાચક્ષુ યુવાનોના રોજગાર ઉપરાંત વિવિધ મુદ્દે કાર્યરત સંસ્થાના જસુભાઈ કવિના પુસ્તક 'પ્રજ્ઞાલોકની પરિક્રમા'નું પ્રકાશન પણ વિશ્વકોશ દ્વારા થઈ રહ્યું છે. જેમાં જસુભાઈ કવિની વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે પ્રજ્ઞાચક્ષુઓ સાથેના પ્રશ્નો અને તેના ઉકેલના કિસ્સાઓ આપવામાં આવ્યા છે.' તે ઉપરાંત આવા યુવાનોની સર્જકતા બહાર લાવવા માટે કવિ સંમેલન જેવા કાર્યક્રમોનું પણ આયોજન થઈ રહ્યું છે. આ પ્રવૃત્તિઓ વિશે ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે, 'પ્રજ્ઞાચક્ષુ યુવાનોના સંઘર્ષભર્યા જીવનમાં પ્રેરણા આપવા તેમજ તેમના પરિવારજનો સહિતના લોકોનો ઉત્સાહ વધારવા માટે વિવિધ હસ્તીઓની સંઘર્ષ અને સફળતાઓની વાત પર એક વ્યાખ્યાન શ્રેણી શરૂ કરી રહ્યા છીએ. તે ઉપરાંત વિશ્વકોશના સામયિક વિશ્વવિહારનું શ્રાવ્ય રૂપાંતર પણ કરવાનું આયોજન છે. જેથી વધુને વધુ લોકો સુધી આ જ્ઞાન સ્રોતને પહોંચાડી શકાય.



પીંડારડા પ્રાથમિક શાળાને ગાંધીનગર શહેરના સેવાભાવી નાગરિક અને સરકારી કર્મચારી પ્રદ્યુમનસિંહ વાઘેલા તરફથી રંગીન ફોટોકૉપીયર મશીન વિથ સ્કેનર અને ફોટોકૉપીયર મશીનની ભેટ ધરવામાં આવી છે. શાળાના વિકાસમાં સહભાગી થવા આ ઉપયોગી વસ્તુઓ ભેટમાં આપવા બદલ શાળા પરિવાર દ્વારા તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી છે, એમ આચાર્ય ભરતભાઈ શ્રીમાળી દ્વારા જણાવવામાં આવ્યું છે. આ પ્રસંગે શિક્ષક રીટાબેન પટેલ, ગામના આગેવાન વિક્રમસિંહ બિહોલા, દશરથસિંહ વાઘેલા, જયપાલસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

# વૅકેશનના ચોથા તબક્કાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮
રાજ્યની શાળાઓમાં વૅકેશનના ચોથા તબક્કાનો મંગળવારથી પ્રારંભ થઈ રહ્યો છે. પરીક્ષાના છેલ્લા તબક્કામાં જે શાળાઓમાં પરીક્ષા ચાલુ હતી, તેમાં આજે પરીક્ષાઓ પૂર્ણ થતાં હવે શાળાકીય વૅકેશન સંપૂર્ણ રૂપમાં આવી ગયું છે.

પહેલા તબક્કામાં ઍસઍસસી, પછી ઍચઍસસી, એ પછી પ્રાથમિક શાળાઓ અને હવે માધ્યમિક શાળાઓમાં પણ વૅકેશનનો દોર ચાલુ થઈ જતાં વૅકેશનની મોસમ હવે પૂરબહારમાં ખીલી ગઈ છે.

અલબત્ત, કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે વૅકેશનની મોસમ હજુ ખીલી નથી. સૌ પ્રથમ વૅકેશન સૅમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે, જે તા. ૨૧ના રોજ છેલ્લું પેપર પૂર્ણ થતાં તા. ૨૨થી આ વૅકેશન વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે. એ પછી સૅમેસ્ટર-૪ અને અન્ય વિદ્યાર્થીઓને વૅકેશન પ્રાપ્ત થઈ શકશે.

વૅકેશનના એક પછી એક તબક્કા શરૂ થતાં જ રાત્રિના સમયે ફરવા નીકળનારા વિદ્યાર્થીઓ, તેમના પરિવારજનોની ભીડ ક્રમશઃ વધતી જાય છે. ખાસ કરીને ઘ-૪ અને સ્વર્ણિમ પાર્ક ખાતે વૅકેશનના સમયની અનુભૂતિ થઈ રહી છે.

### નહેરુ યુવા કેન્દ્ર આયોજિત

# રાષ્ટ્રીય એકતા શિબિરમાં ગાંધીનગરના યુવા ઝળક્યા




હરિદ્વાર ખાતે આયોજિત રાષ્ટ્રીય એકતા શિબિરમાં ગાંધીનગર શહેરની ટીમે ઓવરઓલ શ્રેષ્ઠ ટીમ તરીકે સ્થાન પ્રાપ્ત કરીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથારે આ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે નહેરુ યુવા કેન્દ્ર, હરિદ્વાર દ્વારા હરિદ્વાર ખાતે રાષ્ટ્રીય એકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર તરફથી ટીમ મોકલવામાં આવી હતી, જેણે સઘળી ટીમો પૈકી સર્વશ્રેષ્ઠ ટીમ તરીકેનું સન્માન પ્રાપ્ત કર્યું હતું.

શિબિરના સઘળા દિવસો દરમ્યાન શિસ્ત, સાંસ્કૃતિક પ્રદર્શન, વર્તન, સક્રિયતા, સુગ્રથન જેવા મુદ્દાઓને આધારે ટીમને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

પંજાબ, હરિયાણા, બિહાર, જમ્મુ-કાશ્મીર, મધ્યપ્રદેશ, ઉત્તરાંચલ જેવાં રાજ્યોમાંથી ૨૫૦ જેટલા યુવાઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો અને પોતાની સાંસ્કૃતિક કૃતિઓનું પ્રદર્શન પણ કર્યું હતું. ગાંધીનગરની ટીમે ક્લાસિકલ ડાન્સ, રાસ-ગરબા, રંગલા-રંગલી જેવી કૃતિઓ પ્રસ્તુત કરીને દેશના યુવાઓનાં દિલ જીતી લીધાં હતાં.

ટીમે યોગ, વ્યક્તિત્વ વિકાસ સેમિનાર, રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પ્રવાસના કાર્યક્રમોમાં પણ સક્રિયપણે રસ લીધો હતો. ટીમને અર્થકુંભના સ્ટેજ ઉપર પોતાની સાંસ્કૃતિક કૃતિ પ્રસ્તુત કરવાની તક પણ મળી હતી.

હાર્દિકા શુક્લની આગેવાનીમાં મયંક ભટ્ટ, તૃપેશ પટેલ, જૈમિન પિત્રોડા, સપન શાહ, દામિની પટેલ, જહાન્વી પટેલ, સુચિ રાવલ, પ્રિયંકા ગોર અને ધારા જાનીએ આ શિબિરમાં સક્રિય હિસ્સો લઈ ગાંધીનગરનું નામ રોશન કર્યું હતું, જેમને નહેરુ યુવા કેન્દ્ર તથા ગાંધીનગરની કલાપ્રેમી જનતા તેમજ સંસ્થાઓ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### શહેરના ૬૦ યુવા રાષ્ટ્રીય એકતા શિબિરમાં

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના ઉપક્રમે હરિદ્વાર ઉપરાંત હૈદરાબાદ અને પોંડિચેરી ખાતે આયોજિત રાષ્ટ્રીય એકતા કૅમ્પમાં પણ ટીમ મોકલવામાં આવી હતી, જે પ્રત્યેકમાં ૨૦ યુવાઓ જોડાયા હતા. આમ, દેશના વિવિધ ભાગોમાં આયોજિત ૩ જેટલી રાષ્ટ્રીય એકતા શિબિરોમાં ભાગ લેવાની તક ૬૦ જેટલા યુવાઓને પ્રાપ્ત થઈ હતી.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

**લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.**

**એપ્રિલ માસનો વિષય છે :**

## 'મારો મિત્ર - મારો હમદમ'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના મિત્રનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે

# ચૈતરના લૂ ઝરતા વાયરા છે, તારી આંખોના છાંયડામાં બેસું

**ચૈતરના વાયરા**

ચૈતરના લૂ ઝરતા વાયરા છે લાવ
તારી આંખોનાં છાંયડામાં બેસું
ગુલમહોરી તડકાને આઘા ખસેડીને
ધ્રુવના પ્રદેશે પ્રવેશું
આયખું ભરીને મને રેતી મળી છે
એની ઉપર છાંટ્યો છે પાછો તાપ
રાતદિન રોજ રોજ ભૂલવા મથું
તોય અંતરમાં રેતીના જાપ
ફાટફાટ ઘૂઘવાતા સહરાના સાગરમાં
તારી આંખોનું હલેસું
સૂરજ તો માંડીને શત શત ફેણ બધે
લબકારે જીભ એની રાતી
અણિયાળાં વિષ એણે વગડામાં
વેર્યાં છે
છાંયડાની ધડકે છે છાતી
તમતમતા તડકાને તડકે મેલીને
તારી આંખોના આશરામાં રહેશું

**- યાકૂબ પરમાર**
(અરસપરસના મેળમાં)



**રસ્તા વસંતના**
રેખા ભટ્ટ

ચૈતરનું આકાશ ગરમી વરસાવી રહ્યું છે. ચારેકોરથી ઊના ઊના વાયરા વાય છે એટલે સૌ કોઈ શોધવા માંડ્યા છે પોતપોતાના છાંયડા ! કોઈને ઘરમાં ઠંડક લાગે છે તો કોઈને ઓફિસમાં. કોઈને બગીચામાં ઝાડ નીચેને બાંકડા ઉપર ઠંડક લાગે છે તો કોઈ વળી હાથલારીની નીચે ટૂંટિયું વાળીને ગોઠવાઈ ગયું છે.

ગરમી સૌ કોઈને એકસરખી સતાવે છે પણ ઠંડક મેળવવાની પોતપોતાની આગવી રીત છે.

રસ્તા પરથી એક બાઈક સવાર યુવક-યુવતિ ધૂમ સ્ટાઈલમાં પસાર થઈ જાય છે, ઝૂમ્મ... કરતાં. આંખો પર ગોગલ્સ અને હવામાં લહેરાતા વાળ... ક્યાં છે ગરમી !

પ્રિયજનની નિકટતાથી બળબળતા બપોરમાં પણ શીતળતા અનુભવાય છે. રોજ ઉગતી સવાર નવા નવા પ્રશ્નો લઈને આવે છે પણ સ્વજનના સહવાસમાં થોડીક વાર બેસવાથી નિરાંત લાગે છે. ઘડીક પહેલાં મોટા લાગતા પ્રશ્નો નાના બની જાય છે, વસમું હતું તે સરળ બની જાય છે. ઉચાટ અનુભવતું મન ધીમે ધીમે શાંત બની જાય છે અને સમસ્યાઓ આગળ એક નાનકડો પડદો પડી જાય છે. બધું ભૂલીને હાથમાં હાથ રાખી બેસી રહેવાથી હળવા બની જવાય છે. પ્રિયજનની આંખોમાંથી સ્નેહ છલકાય છે અને સંજોગો સામે લડી લેવાનું બળ મળી જાય છે. બંને વચ્ચેની ઊંડી સમજણ અને સહૃદયતા કામ કરી જાય છે. આ જાદૂ છે મનગમતી વ્યક્તિના સંગાથનો. જેના સહવાસમાં સામાન્ય લાગતી ક્ષણો પણ ઝળહળતી બની જાય છે.

ખરેખર એવું બને છે કે કોઈકની પાંપણના છાંયડામાં ઠંડક મળે છે, તો કોઈકના પાલવની આડશમાં છાંયડો મળી જાય છે.


મરી નજર સમક્ષ ખડું થઈ જાય છે એક દૃશ્ય - દ્વિરેફની 'ખેમી' વાર્તાનું...

'એક જમણવારમાં કૂતરાં ઘૂસી ન જાય તે માટે ધ્યાન રાખવા શેઠે બેસાડેલાં ખેમી અને ધનિયો, જાજરૂના પગથિયાં પર બેઠાં બેઠાં ગોષ્ઠિ કરી રહ્યાં છે. ધનિયાએ બીડી સળગાવવા દિવાસળી કાઢી પણ ઉપરાઉપરી પાંચ દિવાસળી હોલવાઈ જતાં ખેમી લાજ કાઢવાનો છેડો લાંબો તાણી ધનિયાની નજીક જઈ પવન આડો ધરે છે. ધનિયાની દિવસળી સળગી અને તે શ્વાસ અંદર લે અને મૂકે તે પ્રમાણે દિવાસળીનો પ્રકાશ ઝબક ઝબક થવા લાગ્યો. ધનિયો તેની પત્નીના જુવાન, ભરેલા, ઘઉંવર્ણા પણ ઉજ્જવળ, મોટી આંખોવાળા, નાકે મોટો કાંટો પહેરેલા મુખ સામે જોઈ રહ્યો. બીડીની લિજ્જત કરતાં તે નવોઢાના સૌંદર્યપાનમાં ગરકાવ થઈ ગયો. સ્થળકાળ ભૂલીને બંને નવાં પરણેલાં ખેમી અને ધનિયો એકમેકમાં ખોવાઈ ગયાં...'

પ્રિયજનનો સહવાસ બધું ભૂલાવી દે છે. સ્થળ-કાળ-પ્રશ્નો, ગરમી-ઠંડી કે વાવાઝોડા સાથે વરસતો વરસાદ ! એમની આસપાસ રહી જાય છે સ્થિર થઈ ગયેલો સમય...



# મહાવીર સ્વામી : શક્તિ છતાં ક્ષમાશીલ



**પ્રસંગસર**
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

ઈક્ષ્વાકુ કુળની એક શાખામાં જૈનોના છેલ્લા (ચોવીસમા) તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો જન્મ ઈ.સ.પ૯૯ પૂર્વે બિહારના પટણાથી ૩૦ કિલોમીટર દુર આવેલા કુંડલપુરમાં સિદ્ધાર્થ અને ત્રિશલાને ત્યાં ચૈત્ર સુદ તેરસે થયો હતો. પિતા ક્ષત્રિયકુંડ ગામના રાજા હતા. જન્મનું નામ વર્ધમાન હતું. ક્ષત્રિય પરિવારમાં જન્મેલા વર્ધમાનને ક્ષત્રિયને છાજે એવી રમતોનો શોખ, શરીર ઊંચું અને બળવાન અને સ્વભાવ પરાક્રમી. નાનપણથી જ વૈરાગ્યપ્રિય અને સ્વ-ચિંતન કરતાં હોવાથી સંન્યાસ એમના જીવનનું લક્ષ્ય હતું. માતાના સંતોષાર્થે રાજપુત્રી યશોદા સાથે લગ્ન કર્યું. અને પ્રિયદર્શના નામની એક પુત્રી થઈ. ત્રીસ વર્ષની ઊંમરે મહાવીરે સંસારનો ત્યાગ કર્યો. કોઈના પર ક્રોધ ન કરવાનો અને ક્ષમાને પોતાનું જીવનવ્રત ગણવાના નિશ્ચય સાથે તપ કરવા ચાલી નીકળ્યા. ૧૨ વર્ષ સંયમી જીવન ગાળ્યું. તેઓ ખુલ્લા પગે અને નિર્વસ્ત્ર ફરતાં અને પોતાના ખોબામાં જેટલું આવે તેટલું જ ખાતા. તેઓ પરાક્રમી હોવા છતાં એમણે ક્રોધને જીત્યો અને શક્તિ છતાં ક્ષમાશીલ થયા, તેથી એમનું નામ મહાવીર પડ્યું. મહાવીરે જૈન તત્વજ્ઞાન સમજાવવા માટે કરેલા શ્રમને પરિણામે જૈન ધર્મમાં નવું ચેતન રેડાયું. વૈરાગ્ય અને અહિંસાનો નવો જુવાળ પેદા થયો. જૈન ધર્મના ફેલાવાને બળ મળ્યું. પાર્શ્વનાથના ચીલા પર ચાલતા તેમના સમયમાં પ્રચલિત સમાજ વ્યવસ્થા અનુસાર આધ્યાત્મના નિયમો રચી મહાવીર જૈન ધર્મના પરિવર્તક, ઉદ્ધારક અને પ્રસારક રહ્યા. ૭૨ વર્ષની ઉમરે, તેઓ નિર્વાણ પામ્યા. આ દિવસે જૈનોઉસ્તવ મનાવે છે. એમના નિર્વાણ કાળથી જૈનો વીર સંવત ગણે છે. અને તે વિક્રમ સંવત કરતાં ૪૭૦ વર્ષ જુનો છે.